## Our industry partners (OIP)

## સેફ્રોની કોલેજની શૈક્ષણિક ગુણવત્તાની સરાહના



"વિવિધ પ્રવૃત્તિઓ મારફત ટેકનીકલ કૌશલ્ય વધારવા અને પ્રતિભા વિકસાવવા વર્ગખંડોની બહાર નીકળવાની વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા કાર્યક્રમો યોજવા માટેનો પાયો અમારા વિભાગે નાખ્યો છે. વિદ્યાર્થીઓને અહીં નેતૃત્વના ગુણો શીખવવામાં આવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે તાલીમબદ્ધ કરવામાં આવે છે."

ચિંતન પટેલ, વિદ્યાર્થી



"મારા માટે સિવિલ ઈજનેરી વિભાગ જ્ઞાન અને પ્રેરણાનો સતત અખૂટ સ્રોત રહ્યો છે; અહીં મારા ટેકનીકલ કૌશલ્યમાં વધારો થયો એટલું જ નહિ, મારી પ્રતિભા પણ નિખરી છે..."

રજત સિંઘ, વિદ્યાર્થી

## સ્કોલરશીપ

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આકર્ષક સ્કોલરશીપ ઉપલબ્ધ છે. વિગતો માટે કોલેજનો સંપર્ક કરવા વિનંતી.

શંકુ વોટર પાર્ક નજીક, અમદાવાદ-મહેસાણા રોડ, મહેસાણા.
સંપર્ક : +૯૧ ૯૦૯૯૦૬૩૧૪૦ । +૯૧ ૭૦૪૬૪૬૧૦૦૦
www.saffrony.ac.in । ઇ-મેઇલ : info@saffrony.ac.in

S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

# સિવિલ એન્જીનિયરીંગ

*Educating Minds & Hearts...*

## *From HOD's Desk..*

એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજમાં સિવિલ એન્જીનિયરીંગ વિભાગના વડા તરીકે હું આપનું ઉષ્માસભર સ્વાગત કરું છું! આપની સમક્ષ એન્જીનિયરીંગની આ અદ્દભુત વિદ્યાશાખાની એક ઝલક રજુ કરતાં મને આનંદ થાય છે!

આ વિભાગનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સિવિલ એન્જીનિયરીંગના વિષયોમાં સૈધ્ધાંતિક તેમજ વ્યવહારુ, બંને પ્રકારનું પ્રતીતિકર જ્ઞાન આપવું એટલો જ નહીં, વર્ગખંડ, લેબોરેટરી તેમજ સ્થળ અભ્યાસ અને પ્રત્યક્ષ તાલીમ દ્વારા તેઓને આ વિદ્યાશાખામાં નિષ્ણાત બનાવવાનો પણ છે.

સિવિલ ઇજનેરીના ભણતરમાં વિવિધ શાખાઓ, વિભાગો વચ્ચે આપસમાં સમૂહગત કાર્ય – ટીમવર્ક, સંદેશા-વ્યવહારની કુશળતા – કોમ્યુનિકેશન સ્કીલ્સ, વ્યાવસાયિક કાર્યમાં વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સાધનો, ઓજારો અને તેના ઉપયોગના કૌશલ્ય તેમજ જીવનભર નવું નવું શીખતા રહેવાની બાબતો પર ભાર મૂકવામાં આવે છે.

અમારા સતત એવા સંનિષ્ઠ પ્રયાસો રહ્યા છે કે, આ સંસ્થામાંથી સ્નાતક થઈને બહાર નીકળતા વિદ્યાર્થીઓ સામાજિક, રાજકીય અને રાષ્ટ્રીય હિતની સંસ્થાઓમાં હિસ્સેદારી દ્વારા વ્યાવસાયિક નીતિમત્તા અને પોતાના વ્યવસાય તેમજ સમાજમાં સેવાના મુલ્યને સમજે એટલું જ નહીં, સર્વતોમુખી વિકાસના લક્ષ્યો સિધ્ધ કરવામાં અમુલ્ય પ્રદાન કરે.

સેફ્રોની કોલેજનો સિવિલ એન્જીનિયરીંગ વિભાગ ઉત્તમ આંતર-માળખાકીય સુવિધાઓ અને સંપૂર્ણ સાધન સજ્જ ઉત્કૃષ્ટ લેબોરેટરીઓ ધરાવે છે. અમે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પૂર્ણ સમય કાર્યરત એવા ટ્રેઈનીંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના સહયોગમાં વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને અધ્યાપકગણ વચ્ચે સતત, નિયમિત 'ઇન્ટર-એક્શન'ને ખુબ જ પ્રોત્સાહિત કરીએ છીએ.

અમોને શ્રધ્ધા છે કે, આ કોલેજનો સિવિલ એન્જીનિયરીંગ વિભાગ વિદ્યાર્થીઓને તેમની મહત્તમ ક્ષમતા વિકસાવવામાં છેવટ સુધી ઉપયોગી નીવડશે.

આ સંસ્થામાં ભણવાથી વિદ્યાર્થી એક ઉત્કૃષ્ટ એન્જીનિયર બનશે એટલું જ નહીં એક સારો, જવાબદાર નાગરિક બનીને પોતાના પરિવાર, સમાજ અને દેશના વિકાસ માટે પણ જીવનભર ઉપયોગી બનશે તેવો અમોને પૂર્ણ વિશ્વાસ છે.

સેફ્રોની ખાતે સિવિલ એન્જીનિયરીંગમાં પ્રવેશ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ આવકાર્ય છે અને સહુને એકવાર અમારું કોલેજ કેમ્પસ નિહાળવા અને આ વિદ્યાશાખાનો માનવ-જીવન પરિવર્તનમાં કેટલો હિસ્સો છે તે જાણવા માટે પધારવાનું હ્રદયપૂર્વકનું નિમંત્રણ છે.

**શ્રેષ્ઠ શુભકામનાઓ સાથે,**
**વિભાગીય વડા,**
**સિવિલ એન્જીનિયરીંગ વિભાગ**

### વિદ્યાર્થીઓને સર્વાંગી કેળવણી આપવા માટેની વિવિધ પ્રવૃત્તિઓની એક ઝલક



## સિવિલ એન્જીનિયરીંગ
## વિદ્યાશાખામાં શા માટે એડમિશન લેવું જોઈએ?

- 'ગ્લોબલ માર્કેટ ઇન્સાઇટસ ઇન્કોર્પોરેટેડ' દ્વારા પ્રગટ કરાયેલા એક સંશોધન અહેવાલ મુજબ, ૨૦૨૫ સુધીમાં સિવિલ એન્જીનિયરીંગના બજારનું કદ ૧૧ લાખ કરોડ રૂપિયાનું થઇ જશે. આનો સૌથી વધુ લાભ તમારી દ્રષ્ટીએ કોને મળશે; સિવિલ ઇજનેરોને!
- ભારતમાં સિવિલ એન્જીનિયરીંગ એક સદાબહાર વિદ્યાશાખા છે અને તેમાં ડિગ્રી ધારી ઈજનેરો માટે સૌથી વધુ તકો છે. તાજેતરના આંકડાઓ મુજબ, દેશમાં કામ-ધંધો કરતી વસ્તીના 30 ટકા લોકો બાંધકામ ઉપર નિર્ભર છે.
- કૃષિ, ખેતીવાડી બાદ બીજા ક્રમની સૌથી મોટી પ્રવૃત્તિ એટલે બાંધકામ ઉદ્યોગ.
- ભારત સરકારે દેશમાં ૧૦૦ 'સ્માર્ટ સિટી'નું અભિયાન હાથ ધર્યું છે; આમાં તમારા મતે વિકાસની વધુમાં વધુ તકો કોને પ્રાપ્ત થશે?
- આગામી વર્ષોમાં ભારત સરકાર આંતર-માળખાકીય ક્ષેત્રે રૂપિયા દોઢ લાખ કરોડનું મૂડીરોકાણ કરવાની છે, તમે શું માનો છો – આમાં ઊંચા પગારની નોકરીઓ કોને મળશે? સિવિલ ઇજનેરોને!
- વિદેશોમાં કામ કરવાના ક્ષેત્રે સિવિલ ઇજનેરોને ડિગ્રીધારીઓને વધુ તકો મળવાની છે. ઉત્તર અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલીયા અને મધ્ય-પૂર્વના દેશોમાં ડિગ્રીધારી ઈજનેરોને ખુબ સારી નોકરીઓ મળી રહી છે.
- જરા વિચારો, તમે કોઈ કંપનીમાં જુનિયર કક્ષાએ નોકરી મેળવીને પછી જીવનભર એ જ કક્ષાએ રહેવાનું પસંદ કરશો? ડિગ્રી એન્જીનિયરીંગ ભણવાથી તમે કોઈપણ સારી, મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા માટે લાયક બનો છો.
- શું તમે માત્ર પાંચ-દસ હજારની નોકરી કરીને સંતોષ માનવા માગો છો કે, પછી લાર્સન એન્ડ ટોબ્રો, ગેમ્મોન ઇન્ડિયા, અલ્ટ્રા-ટેક વગેરે જેવી સુપ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત કંપનીઓથી તમારી કારકિર્દી શરુ કરવાનું પસંદ કરશો?
- સિવિલ એન્જીનિયરીંગ પછી, તમે ઇન્ડિયન એન્જીનિયરીંગ સર્વિસ – IES પરીક્ષા પસાર કરીને કેન્દ્ર સકારની નોકરીમાં જોડાઈ શકો છો.

## ડિગ્રી એન્જીનિયરીંગ – ડિપ્લોમા ઈજનેરોની શ્રેષ્ઠ પસંદગી!

- ડિગ્રીધારી એન્જીનિયરો જેવી ઊંચા પદ અને પગારની નોકરી મેળવવાનું ડિપ્લોમા ઈજનેરો માટે ખુબ જ મુશ્કેલ હોય છે.
- માત્ર ડિપ્લોમાના આધારે સરકારી નોકરીમાં ક્લાસ વન ઓફિસર થવાનું શક્ય જ નથી; સ્નાતક ડિગ્રી અનિવાર્ય છે!
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે કે 'પરમેનેન્ટ રેસીડેન્ટ' - PRનો દરજ્જો મેળવવાની તકો ડિગ્રી એન્જીનિયરીંગ ભણ્યા પછી અનેકગણી વધી જાય છે. ડિપ્લોમા ઈજનેર માટે PR તદ્દન અશક્ય છે.
- ડિગ્રી એન્જીનિયરીંગનું ભણતર તમારા સૈધાંતિક તેમજ વ્યવહારુ બંને પ્રકારના જ્ઞાનને સમૃદ્ધ બનાવે છે અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉચ્ચ પદ અને પગારની જોબ માટે

**જરા વિચારો કે, ડિગ્રી ઈજનેરીના ભણતરનો નિર્ણય નહીં કરવાથી તમારી કારકિર્દી અને ભાવિ જીવનનું કેટલું નુકસાન થશે...**
**ટૂંકમાં કહીએ તો, જો તમે તમારી ઉજ્જવળ કારકિર્દી ઘડવા વિષે ગંભીર હો તો, તમારું હવે પછીનું પગલું ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ લેવાનું જ હોવું જોઈએ!**

...અને, ઉત્કૃષ્ટ એન્જીનિયર બનવા માટે પસંદ કરવી જોઈએ એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજ (સેફ્રોની)!

**કેમકે, અમે તમારી મહત્વાકાંક્ષાઓને સારી રીતે સમજીએ છીએ!**

## અમારી લેબોરેટરીઓની એક ઝાંખી

અમે ગૌરવપૂર્વક કહી શકી છીએ કે, અમારી કોલેજની લેબોરેટરીઓ સમગ્ર ઉત્તર ગુજરાતની તમામ ઈજનેરી કોલેજોમાં શ્રેષ્ઠતમ છે.



